ડિજિટલ ટ્રેન્ડ્સ
DIGITAL TRENDS




# જીવનને સરળ બનાવી રહી છે NFC ટેકનોલોજી

આજના ડિજિટલ યુગમાં નવી નવી ટેકનોલોજી આપણા જીવનને સરળ બનાવી રહી છે. તેવી જ એક મહત્વપૂર્ણ ટેકનોલોજી છે NFC (Near Field Communication). નામથી જ સમજાય છે કે આ ટેકનોલોજી નજીકના અંતર પર કામ કરે છે.NFC એટલે એવી વાયરલેસ ટેકનોલોજી જે બે ડિવાઈસને ખૂબ નજીક (સામાન્ય રીતે 4 સેમી સુધી) લાવીને ડેટા એક્સચેન્જ કરવાની સુવિધા આપે છે.સરળ શબ્દોમાં કહીએ તો, મોબાઈલને બીજા મોબાઈલ કે કાર્ડ સાથે ટચ કરવાથી માહિતી આપોઆપ ટ્રાન્સફર થાય એ જ NFC છે.NFC ટેકનોલોજી RFID (Radio Frequency Identification) પર આધારિત છે.

## NFC કેવી રીતે કામ કરે છે?

NFC ટેક્નોલોજી રેડિયો ફ્રીક્વન્સી પર આધારિત છે. જ્યારે બે NFC સપોર્ટેડ ડિવાઇસ નજીક આવે છે, ત્યારે તે એકબીજા સાથે કનેક્ટ થઈ જાય છે અને ડેટા શેર કરે છે. જેમાં મોબાઇલને પેમેન્ટ મશીન સાથે ટચ કરો પેમેન્ટ થઈ જાય, મેટ્રો કાર્ડ સ્કેન કરો એન્ટ્રી મળી જાય

## NFC જીવન વધુ સરળ બનાવશે

**NFC માટે ડિવાઇસમાં** સપોર્ટ હોવો જરૂરી છે પેમેન્ટ કરતી વખતે સિક્યોરિટી સેટિંગ્સ સક્રિય રાખવી, અજાણી જગ્યાએ ડિવાઇસ ટચ ન કરવું- NFC ટેક્નોલોજી આજના સ્માર્ટ જીવનનો મહત્વનો ભાગ બની ગઈ છે. પેમેન્ટથી લઈને ડેટા ટ્રાન્સફર સુધી, દરેક જગ્યાએ તેની ઉપયોગિતા વધી રહી છે. આગામી સમયમાં NFC વધુ ઝડપથી ફેલાશે અને આપણું જીવન વધુ સરળ બનાવશે એમાં કોઈ શંકા નથી.

### NFCના મુખ્ય ઉપયોગ

**1. ડિજિટલ પેમેન્ટ** । આજકાલ Google Pay, PhonePe જેવા એપમાં NFC સપોર્ટ આવે છે. ફક્ત મોબાઇલ ટચ કરો અને પેમેન્ટ પૂર્ણ!

**2. ટ્રાન્સપોર્ટ સિસ્ટમ** । મેટ્રો, બસ અથવા ટોલ પ્લાઝા પર NFC કાર્ડથી સરળ એન્ટ્રી મળે છે.

**3. ડેટા ટ્રાન્સફર** । ફોટા, સંપર્ક (contacts), ફાઇલો એક ડિવાઇસથી બીજા ડિવાઇસમાં સરળતાથી મોકલી શકાય.

**4. સ્માર્ટ કાર્ડ અને એક્સેસ** । ઓફિસમાં એન્ટ્રી કાર્ડ, હોટેલ રૂમ કી કાર્ડ વગેરે NFC આધારિત હોય છે.

### NFCના ફાયદા

- ખૂબ જ ઝડપી અને સરળ
- ઈન્ટરનેટ વગર પણ કામ કરે
- સિક્યોર (કારણ કે ખૂબ નજીકથી જ કામ કરે)
- સમય બચાવે

### NFC જોખમ અને સુરક્ષા

જો કે NFC સુરક્ષિત છે, પરંતુ ધ્યાન રાખવું જરૂરી છે:

- અજાણ્યા NFC ટેગ સ્કેન ન કરો
- મોબાઇલમાં PIN / Fingerprint સિક્યોરિટી રાખો
- પેમેન્ટ એપ્સમાં સુરક્ષા સેટિંગ્સ ચાલુ રાખો
- Public place માં સાવચેતી રાખવી
- બલ્યુટુથના ઉપયોગમાં સાવચેતી રાખવી



### ભારતમાં NFCનો વિકાસ

| | |
|---|---|
| Contactless Debit/Credit Cards | મેટ્રો અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ |
| UPI સાથે NFC ઇન્ટિગ્રેશન | ડિજિટલ વિઝિટિંગ કાર્ડ (NFC Cards) |

એક મહત્વની વાત ભારતમાં NFC નો ઉપયોગ ઝડપી રીતે વધી રહ્યો છે પરંતુ હજુ પણ UPI (QR scan) સૌથી વધુ લોકપ્રિય છે NFC વધુ શહેરો અને પ્રીમિયમ યુઝર્સમાં ઝડપથી અપનાઈ રહ્યો છે. **અર્જુન શર્મા,** IT એક્સપર્ટ

---

## રીલથી રિજનલ સુધી

# ભારતના હાર્ટલેન્ડમાં સ્નેપચેટની નવી ડિજિટલ સફર

**Gen Z સુધી પહોંચવા માટે પ્રાદેશિક સિનેમાની શક્તિ પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો વધતો ભાર**

ભારતમાં ડિજિટલ મનોરંજનનું દ્રશ્ય ઝડપથી બદલાઈ રહ્યું છે. એક સમયે માત્ર હિન્દી ફિલ્મો અને મેટ્રો શહેરો સુધી મર્યાદિત ગણાતી ફિલ્મ માર્કેટ હવે પ્રાદેશિક ભાષાઓ અને ટિયર-2 તથા ટિયર-3 શહેરોમાં ઝડપથી વિસ્તરી રહી છે. આ બદલાવને ધ્યાનમાં રાખીને હવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પણ પોતાની વ્યૂહરચના બદલતા જોવા મળે છે. તેમાં સૌથી રસપ્રદ પગલું છે – Snapchat દ્વારા પ્રાદેશિક ફિલ્મ ઉદ્યોગો સાથેની ભાગીદારી. સ્નેપચેટ હવે માત્ર મેસેજિંગ એપ નથી રહી; તે ભારતના યુવા દર્શકો માટે ફિલ્મ શોધવાની અને અનુભવવાની નવી જગ્યા બની રહી છે. ભારતમાં છેલ્લા દાયકામાં પ્રાદેશિક ફિલ્મોનો પ્રભાવ નોંધપાત્ર રીતે વધ્યો છે. દક્ષિણ ભારતીય ફિલ્મો, મરાઠી, ગુજરાતી અને અન્ય ભાષાઓની ફિલ્મો હવે માત્ર સ્થાનિક દર્શકો પૂરતી મર્યાદિત નથી રહી.

> સ્નેપચેટની નવી વ્યૂહરચનાનો આધાર
> આજની યુવા પેઢી માટે **"સ્થાનિક"** એટલે **"સંબંધિત"**

### આ બદલાવ પાછળના મુખ્ય કારણો

- ભાષાકીય ઓળખ પ્રત્યે વધતો ગર્વ
- સ્થાનિક વાર્તાઓમાં વધારે જોડાણ
- OTT પ્લેટફોર્મ્સ દ્વારા વૈશ્વિક પહોંચ
- Gen Z દર્શકોની બદલાતી પસંદગી

### Gen Z: નવી ડિજિટલ માર્કેટનો કેન્દ્રબિંદુ

સ્નેપચેટ ખાસ કરીને Gen Z વપરાશકર્તાઓમાં લોકપ્રિય છે. ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં સ્માર્ટફોન અને ઇન્ટરનેટની વધતી પહોંચને કારણે આ વર્ગ હવે મનોરંજન ઉદ્યોગ માટે સૌથી મહત્વપૂર્ણ બની રહ્યો છે. પરંપરાગત જાહેરાત કરતાં ક્રિએટર કન્ટેન્ટ પર વધુ વિશ્વાસ કરે છે શોર્ટ-વિડિયો અને બિહાઈન્ડ-ધ-સીન કન્ટેન્ટ પસંદ કરે છે સ્થાનિક ભાષામાં સ્ટોરીટેલિંગ સાથે વધુ જોડાય છે આ કારણે ફિલ્મ પ્રમોશનનો મોડલ પણ બદલાઈ રહ્યો છે.

### સેલિબ્રિટી અને ક્રિએટર-ડ્રિવન પ્રમોશનનો ઉદય

પ્રાદેશિક ફિલ્મોના પ્રમોશનમાં હવે સ્થાનિક સેલિબ્રિટીઝ અને ડિજિટલ ક્રિએટર્સ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. જેમ કે Rashmika Mandanna, Allu Arjun અને Nani જેવા કલાકારો દ્વારા સોશિયલ મીડિયા પર ફિલ્મ સંબંધિત કન્ટેન્ટ શેર કરવામાં આવી રહ્યું છે. આ પ્રકારના પ્રમોશનથી દર્શકો સાથે સીધો જોડાણ બને છે ફિલ્મ માટે ઉત્સુકતા વધે છે સ્થાનિક માર્કેટમાં વિશ્વસનીયતા વધે છે આજના સમયમાં "વર્ડ-ઓફ-માઉથ" ડિજિટલ સ્વરૂપમાં પરિવર્તિત થઈ ગયું છે.

---

# સ્ક્રીનનો વહેલો સંપર્ક બાળકોના સામાજિક વિકાસ માટે મૌન ખતરો

## ડિજિટલ સુવિધા કે વિકાસમાં અવરોધ? માતા-પિતાની વધતી ચિંતા



આજના સમયમાં સ્માર્ટફોન, ટેબ્લેટ અને ડિજિટલ સ્ક્રીન બાળકોના જીવનનો સ્વાભાવિક ભાગ બની ગયા છે. પરંતુ તાજેતરના નિષ્ણાતોના અભ્યાસ અને અનુભવો દર્શાવે છે કે ખૂબ નાની ઉંમરે સ્ક્રીનનો વધતો સંપર્ક બાળકોના સામાજિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે ગંભીર જોખમ બની શકે છે. ખાસ કરીને કોરોના મહામારી પછી સ્ક્રીનનો ઉપયોગ ઝડપથી વધતા તેની અસર હવે વધુ સ્પષ્ટ રીતે સામે આવી રહી છે. પીડિયાટ્રિશિયન અને મનોવિજ્ઞાનીઓનું માનવું છે કે જો બાળકોને વહેલી ઉંમરથી સ્ક્રીન સાથે જોડાઈ જવાની આદત પડે તો તેઓ વાસ્તવિક દુનિયાના અનુભવોમાંથી વંચિત રહી શકે છે–જે તેમના વ્યક્તિત્વના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાળપણ એ સમય છે જ્યારે બાળક આસપાસના લોકો, પરિસ્થિતિઓ અને અનુભવોથી શીખે છે. સ્પર્શ, નજર, અવાજ અને સામાજિક સંવાદ દ્વારા બાળકનો મગજ ઝડપથી વિકસે છે. પરંતુ જ્યારે આ જગ્યા સ્ક્રીન લઈ લે છે ત્યારે બાળકોની વાતચીત કરવાની ક્ષમતા, મિત્રતા બનાવવા અને લાગણીઓ વ્યક્ત કરવાની શક્તિ ધીમે ધીમે ઘટી શકે છે. નિષ્ણાતો જણાવે છે કે સ્ક્રીન પર વધુ સમય પસાર કરનારા બાળકોમાંધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટે છે, એકલતા વધે છે, ભાવનાત્મક અસંતુલન સર્જાય છે અને વાસ્તવિક સંબંધો પ્રત્યે રસ ઓછો થાય છે, બાળકો માટે રમત, કુદરત અને લોકો સાથેનો સંપર્ક એટલો જ જરૂરી છે જેટલો શિક્ષણ.

### સંતુલિત ઉપયોગથી જ ડિજિટલ યુગમાં સ્વસ્થ બાળપણ

સ્ક્રીન સંપૂર્ણપણે ખતરનાક નથી, પરંતુ તેનો અતિરેક ઉપયોગ સમસ્યા બની શકે છે. યોગ્ય માર્ગદર્શન સાથે ડિજિટલ ટેક્નોલોજી શિક્ષણ અને સર્જનાત્મકતામાં મદદરૂપ બની શકે છે. પ્રશ્ન સ્ક્રીનનો નથી–પ્રશ્ન તેના ઉપયોગના સંતુલનનો છે. જો બાળકોને સમયસર યોગ્ય દિશા મળે, તો તેઓ ટેક્નોલોજી સાથે પણ વિકાસ કરી શકે છે અને માનવીય સંબંધો સાથે પણ મજબૂત રીતે જોડાયેલા રહી શકે છે. આજના માતા-પિતાની સૌથી મોટી જવાબદારી એ છે કે તેઓ બાળકોને ડિજિટલ દુનિયા અને વાસ્તવિક જીવન વચ્ચેનું સંતુલન શીખવે–કારણ કે સ્વસ્થ બાળપણ જ ઉજ્જવળ ભવિષ્યનું આધારસ્તંભ છે.

**માતા-પિતાની ભૂમિકા બની રહી છે નિર્ણાયક** । આધુનિક જીવનશૈલીમાં ઘણી વખત માતા-પિતા બાળકોને શાંત રાખવા માટે મોબાઇલ આપવાનું સરળ ઉપાય માને છે. પરંતુ આ સરળ ઉપાય લાંબા ગાળે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે માતા-પિતાએ બાળકોના સ્ક્રીન સમયને નિયંત્રિત કરવો અને તેમના સાથે વધુ સમય વિતાવવો જરૂરી છે.અમેરિકન એકેડેમી ઓફ પીડિયાટ્રિક્સ સહિત અનેક સંસ્થાઓ સલાહ આપે છે કે નાની ઉંમરના બાળકો માટે સ્ક્રીનનો ઉપયોગ મર્યાદિત રાખવો જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી વાસ્તવિક રમતો, વાર્તાલાપ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ પ્રોત્સાહિત કરવું જોઈએ.

**બાળકોમાં મોબાઈલ સ્ક્રિનના વળગણને કારણે થતાં નુકસાન**

બાળકોમાં મોબાઇલ સ્ક્રીનનો વધુ ઉપયોગ તેમના શારીરિક અને માનસિક વિકાસ પર નકારાત્મક અસર કરે છે. લાંબા સમય સુધી સ્ક્રીન જોવાથી આંખોની સમસ્યાઓ, માથાનો દુખાવો અને ઊંઘમાં ખલેલ થાય છે. શારીરિક પ્રવૃતિ ઘટવાથી સ્થૂલતા અને કમજોરી વધે છે. માનસિક રીતે, બાળકોમાં ચિડચિડાપણું, ધ્યાનની અછત અને સામાજિક કૌશલ્યમાં ઘટાડો થાય છે. અભ્યાસ પર ધ્યાન ઓછું રહે છે અને સર્જનાત્મકતા ઘટે છે. ઉપરાંત, અયોગ્ય સામગ્રીનો સંપર્ક પણ જોખમકારક બની શકે છે.

---

ટેક ડાયજેસ્ટ | GUJARATMITRA

### CMF Watch એપ બંધ કરવાની જાહેરાત - યુઝર્સે હવે Nothing X એપ પર જવું પડશે



ટેક કંપની નથિંગે પોતાની CMF Watch એપને બંધ કરવાની જાહેરાત કરી છે, જે સ્માર્ટવોચ યુઝર્સ માટે મહત્વપૂર્ણ ફેરફાર માનવામાં આવે છે. કંપની મુજબ 3 એપ્રિલ 2026થી એપને ધીમે ધીમે એપ સ્ટોર્સમાંથી હટાવવામાં આવશે અને વર્ષના અંત સુધી સંપૂર્ણપણે બંધ થઈ જશે.યુઝર્સને સલાહ આપવામાં આવી છે કે તેઓ 19 જુલાઈ 2026 પહેલાં Nothing X એપમાં માઈગ્રેટ થઈ જાય. આ પરિવર્તનથી કંપની તેના ઇકોસિસ્ટમને વધુ એકીકૃત અને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. ભવિષ્યમાં તમામ વેરેબલ ડિવાઇસ મેનેજમેન્ટ એક જ એપ દ્વારા શક્ય બનશે.

### Google Gemma 4 – ઓફલાઇન ચાલતા નવા ઓપન AI મોડલ્સ

Googleએ Gemma 4 નામના નવા ઓપન AI મોડલ્સ રજૂ કર્યા છે, જે સ્માર્ટફોનથી લઈને પર્સનલ કમ્પ્યુટર અને ડેવલપર વર્કસ્ટેશન સુધી વિવિધ ડિવાઇસ પર ચલાવી શકાય છે. ખાસ વાત એ છે કે આ મોડલ્સ ક્લાઉડ પર સંપૂર્ણ નિર્ભર રહ્યા વગર ઓફલાઇન પણ કાર્ય કરી શકે છે. આ શ્રેણીમાં E2B, E4B, 26B Mixture of Experts (MoE) અને 31B જેવા વિકલ્પોનો સમાવેશ થાય છે. સાથે Android માટે Gemini Nano 4 પણ રજૂ કરવામાં આવ્યું છે. આ મોડલ્સ ડેવલપર્સ અને સંશોધકો માટે નવા સંભાવનાઓના દ્વાર ખોલશે.




### હવે Apple CarPlay પર Google Meet - ડ્રાઈવિંગ દરમિયાન ઓડિયો મીટિંગ શક્ય

Google Meet હવે Apple CarPlay પર ઉપલબ્ધ બનશે, જેના કારણે ડ્રાઈવિંગ દરમિયાન સીધા કારના ડેશબોર્ડ પરથી મીટિંગમાં જોડાવું સરળ બનશે. આ સુવિધા ખાસ કરીને વ્યસ્ત વ્યાવસાયિકો માટે ઉપયોગી સાબિત થશે. નવી અપડેટ દ્વારા યુઝર્સ મીટિંગ શેડ્યૂલ ચેક કરી શકશે અને હેન્ડ્સ-ફ્રી ઓડિયો કોલમાં ભાગ લઈ શકશે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને કારપ્લે પર માત્ર ઓડિયો મીટિંગની જ મંજૂરી આપવામાં આવી છે, વિડિયો ડિસ્પ્લે ઉપલબ્ધ નહીં હોય. આ બદલાવ ટેક્નોલોજીને વધુ મોબાઇલ અને ઉપયોગી બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાય છે.



---

# સોશિયલ મીડિયામાં ફેક પ્રોફાઈલને સરળતાથી ઓળખો



સોશિયલ મીડિયા એક્ટિવિટી એ આજના જમાનાની એક ડિજીટલ ઓળખ છે, અને સમાજમાં વ્યસ્ત રહેનાર વ્યક્તિ પોતાના ડિજિટલ ઓળખથી સમાજના બીજા અન્ય સભ્યો સાથે જોડાયેલો રહેવા માંગતો હોય છે, પરંતુ એ બાબત પણ નકારી શકાતી નથી કે જેમ જેમ સોશિયલ મીડિયાનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ તેમ સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ સમસ્યા એક માથાના દુખાવા સમાન બની ચૂકી છે ,અમુક વાર એ બાબતની પણ જાણકારી નથી મળી શકતી, કે કોઈ સોશિયલ મીડિયા પ્રોફાઇલ ફેક છે, કે ઓરિજિનલ છે, સોશિયલ મીડિયા કંપનીઓ દ્વારા વખતો વખત આવી ફેક પ્રોફાઈલ બંધ કરવામાં આવે છે, લોકો દ્વારા જયારે અમુક સોશિયલ મીડિયા એકાઉન્ટ બાબતે રિપોર્ટ થતા કંપનીઓ દ્વારા આવા એકાઉન્ટ ને બંધ પણ કરવામાં આવે છે, પરંતુ કોઈને કોઈ પ્રકારે ફેક પ્રોફાઈલ સમસ્યા ઈલેક્ટ્રોનિક્સ સોશિયલ સમાજમાં પાછી જોવા મળે છે, એ પણ એક વાસ્તવિકતા છે ,તો આવી ફેક પ્રોફાઈલ ને કેવી રીતે ઓળખવી ,એની લાક્ષણિકતાઓ કઈ હોય છે,તેમજ ફેક પ્રોફાઈલ ધરાવતા સાયબર અપરાધીઓ થી કેવી રીતે બચવું, એ બાબત જાણવી ખુબજ જરૂરી છે,કારણકે ઘણા પ્રયાશો પછી પણ સોશ્યિલ મીડિયા કંમ્પનીઓ ફેક પ્રોફાઈલ સમસ્યા ને રોકવામાં મહદઅંશે નિષ્ફળ છે.

### ફેક પ્રોફાઈલની ઓળખ માટેના મહત્વના મુદ્દાઓ

1) પ્રોફાઇલ ફોટો વાસ્તવિક દેખાતો નથી, મોટા ભાગે પ્રોફાઇલ ફોટોમાં સુંદર છોકરી અથવા છોકરા ને દર્શાવામાં આવે છે
2) અમુકવાર પ્રોફાઇલમાં કોઈ DP ના પણ હોય.
3) મોટાભાગની પોસ્ટ્સ એક જ દિવસે શેર કરેલી જ હોઈ શકે અથવા વધારે માં વધારે 2 કે 3 દિવસ ના અંતરાલમાં જ પોસ્ટ શેર કરેલી હોય, અથવા એક પણ પોસ્ટ ને પોસ્ટ કરેલી ન હોય, એ પણ બાબત જોવી જોઈએ, એકાઉન્ટ માં પ્રથમ ક્યારે પોસ્ટ કરવામાં આવી હતી. મોટેભાગે સ્પામ કોમેન્ટ નો પણ સમાવેશ થયો હોય.
4) ફોલવર્સ ની સંખ્યા ફોલોઇંગની સંખ્યા કરતા વધુ હોઈ શકે. ફોલવર્સ ની સંખ્યા માં અચાનક વધારો,
5) વધારે સંખ્યામાં ફોલોઅર્સ, પરંતુ પોસ્ટ પર એંગેજમેન્ટ જ ન હોય અથવા નહિવત હોય
6) મોટાભાગની પોસ્ટ વાસ્તવિકતાથી જ અલગ હોઈ શકે અને કાલ્પનિક હોય
7) બાયસ માં કોઈ જ માહિતી દાખલ કરેલ ન હોય ,અને જો માહિતી દાખલ કરેલ હોય તો તે વાસ્તવિકતાથી વિપરીત હોય,તેમાં ભૂલો પણ હોઈ શકે છે.
8) મોટે ભાગે કોમન ફ્રેન્ડ્સ જ ના હોય અથવા બધાજ કોમન ફ્રેન્ડ્સ ને એક જ દિવસે ફોલોવ રિકવેસ્ટ જાય

**મયુર ભુસાવળકર,** આઇટી એક્સપર્ટ

---

## ઈન્ફ્લુએન્સર યુગ પર સરકારની નજર

# ડિજિટલ સ્વતંત્રતા સામે જવાબદારીનો નવો અધ્યાય શરૂ

એક સમય હતો જ્યારે સમાચારપત્રો, ટીવી ચેનલો અને રેડિયો જ માહિતીના મુખ્ય સ્ત્રોત હતા. આજે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હવે દરેક સ્માર્ટફોન ધારક વ્યક્તિ સંભવિત રીતે "ઈન્ફ્લુએન્સર" બની શકે છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લાખો લોકો સુધી પહોંચે છે અને મતોને પ્રભાવિત પણ કરે છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા ઈન્ફ્લુએન્સર ઈકોસિસ્ટમને નિયમિત કરવાની તૈયારી સ્વાભાવિક રીતે જ ચર્ચાનો વિષય બની છે.તાજેતરમાં કેન્દ્ર સરકારે માહિતી ટેકનોલોજી સંબંધિત નિયમોમાં સુધારા કરવાની પ્રક્રિયા શરૂ કરી છે, જેનાથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, ઈન્ફ્લુએન્સર્સ અને ડિજિટલ કન્ટેન્ટ સર્જકો પર વધુ જવાબદારી આવશે. આ પગલું ડિજિટલ યુગમાં માહિતીની વિશ્વસનીયતા અને જવાબદારી વચ્ચેનું સંતુલન જાળવવાનો પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.પ્રસ્તાવિત સુધારાઓ મુજબ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને હવે વધુ સક્રિય ભૂમિકા ભજવવી પડશે. ખાસ કરીને સરકારના આદેશ મુજબ ગેરકાયદેસર અથવા ભ્રામક કન્ટેન્ટ દૂર કરવું ફરજિયાત બનશે. પ્લેટફોર્મ્સને યુઝર્સના ડેટા અને માહિતી જાળવવાની જવાબદારી રહેશે. ઈલેક્ટ્રોનિક મીડિયા અને ડિજિટલ કન્ટેન્ટ વચ્ચેનો અંતર ઓછો થશે. OTT અને સોશિયલ મીડિયા માટે સમાન નિયમન શક્ય બનશે



### જરૂર કેમ પડી ? : ભ્રામક માહિતી સામે લડત

સરકારનો દાવો છે કે ડિજિટલ પ્લેટફોર્મ્સ પર ઝડપથી ફેલાતી ભ્રામક માહિતી લોકતંત્ર માટે જોખમ બની શકે છે. ખાસ કરીને ચૂંટણી સમયની ખોટી માહિતી, આરોગ્ય સંબંધિત ગેરમાર્ગે દોરતી સલાહ, સામાજિક તણાવ ઊભો કરતી પોસ્ટ્સ, ડીપફેક અને AI આધારિત ખોટા વિડિઓઆ બધાને નિયંત્રિત કરવા માટે કડક નિયમોની જરૂરિયાત અનુભવી રહી છે. જ્યાં એક તરફ સરકાર આ નિયમોને જવાબદારી તરફનું પગલું ગણાવી રહી છે, ત્યાં બીજી તરફ નિષ્ણાતો અને નાગરિક સંગઠનો અભિવ્યક્તિ સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમનું માનવું છે કેવધારે નિયંત્રણથી સ્વતંત્ર મતપ્રકાશન પર અસર પડી શકેસરકાર વિરોધી અવાજોને દબાવવાનો જોખમ વધી શકે કન્ટેન્ટ દૂર કરવાની પ્રક્રિયામાં પારદર્શિતા જરૂરી છેડિજિટલ પ્લેટફોર્મ્સ હવે માત્ર મનોરંજનના માધ્યમ નથી રહ્યા, પરંતુ લોકમત ઘડવાના શક્તિશાળી સાધન બની ગયા છે. તેથી નિયમન અને સ્વતંત્રતા વચ્ચેનું સંતુલન જાળવવું સૌથી મોટો પડકાર છે.આજના ઇન્ફ્લુએન્સર્સ માત્ર ફેશન, ટ્રાવેલ કે ફૂડ વિશે વાત કરતા નથી. તેઓ રાજકારણ, સામાજિક મુદ્દાઓ અને જાહેર નીતિઓ પર પણ અસર કરે છે. આવી સ્થિતિમાં તેમની ભૂમિકા વધુ જવાબદાર બની જાય છે.